વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

અનસૂયા

વર્ષ - ૪૦ : અંક - ૨૧-૨૨ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : ડિસેમ્બર-૬, ૨૨, ૨૦૨૨

# એશિયન ફાર્મર્સ એસોસીએશન (AFA)ના ચેર બન્યા 'સેવા'ના જશીબહેન




ચેર પર્સન બન્યા બાદ જશીબેનનું કરેલ સન્માન

જશીબહેન, સીમાંત ખેડૂત અને 'સેવા'ની ચૂંટાયેલ કારોબારીના સભ્ય, એશીયન ફાર્મર્સ એસોસીએશનના ચેરપર્સન (Chair person) બન્યા. એશીયન ફાર્મર્સ એસોસીએશન ફોર સસ્ટેનેબલ રૂરલ ડેલોપમેન્ટ ''આફા''ની સમાન્ય સભા ફીલીપાઈન્સમાં તા.૧૮થી ૨૨ ઓક્ટોબરમાં યોજાઈ. 'આફા' એ ૨૦ વર્ષ પૂરાં કર્યા તેની પણ ઉજવણી હતી. આ સામાન્ય સભામાં ૮૭ દેશોના પ્રતિનિધિઓએ તેની કારોબારી માટે મહિલા ખેડૂતો અને યુવા ખેડૂતોને ચૂંટાવાની પ્રક્રિયા કરવામાં આવી. જશીબેન આ જ સંસ્થાના વાઈસ ચેરપર્સન હતાં જેમને નેપાળ, કંબોડિયા જેવા દેશોએ તેમને વાઈસ ચેરપર્સમાંથી ચેરપર્સન બનાવવા ટેકો તેમજ સહમતી આપી. ભારતના ખેડૂત બેનો કેવી આગેવાની લે છે ?

જશીબહેનની 'આફા' સાથેની સફર તેમના જ શબ્દોમાં સાંભળીએ,

'હું જશુમતીબેન જેઠાભાઈ પરમાર, ગામ-સીમેજ, જિલ્લોઃ અમદાવાદ, 'સેવા'ના સંગઠનમાં એક સીમાંત ખેડૂત તરીકે

૨૪ વર્ષથી જોડાયેલી છું. પહેલા મેં મારા ગામમાં ખેડૂત બહેનોનું સંગઠન બનાવ્યું, ખેડૂમંડળ બનાવ્યું અને બીજા ગામોમાં પણ ખેડૂ મંડળ બનાવ્યા અને તેમની તકલીફો વિષે અમે ધંધાસમિતિમાં ચર્ચા કરતાં અને તેનો ઉકેલ લાવતાં. 'સેવા'ની ખેતી ઝુંબેશ દ્વારા નવી-નવી તાલીમો મેળવી બહેનોને ખેતીમાં વધુ સારી આવક મેળવી શકાય તે અંગે તાલીમો આપવાનું કામ કર્યું. હું 'આફા'ની મિટીંગોમાં ભાગ લેતી ગઈ અને તેમાં 'સેવા'માં ખેતી ઝુંબેશ હેઠળ થતી કામગીરી અંગે રજૂઆત કરતી થઈ. કામ કરતાં કરતાં શીખ્યા. ધીરેધીરે હું 'સેવા' વતી 'આફા'ની કારોબારીમાં ચૂંટાઈ. ૨૦૧૯માં હું ફીલીપાઈન્સમાં 'આફા'ની વાર્ષિક સાધારણ સભામાં ભાગ લીધો. મેં 'સેવા'ના કામની રજૂઆત ચિત્રો દોરીને તેમજ અન્ય પેમ્ફલેટ દ્વારા કરી. જેમા બિયારણ બેંક, સર્ટીફાઇડ બીજ માટે બીજ નિગમ સાથેનું જોડાણ, સંકલિત ફાર્મ મેનેજમેન્ટ, જૈવિક ખાતર બનાવવા અને તેની ખેતી કરવી, બાયો પેસ્ટીસાઈડનો ઉપયોગ વગેરે સ્થાનિક જરૂરિયાતોને આધારે કામગીરીની રજૂઆત કરી. ખેડૂતોના ઉત્પાદનના વેચાણ અને માર્કેટિંગ માટે વોઈસ મેસેજીસ તેમજ'રૂડી' એપ દ્વારા કરીએ છીએ, સાથે સાથે ઉત્પાદનથી ઉપભોગતા સુધીની કડી દ્વારા થતી કામની રજૂઆત કરીએ, તે વખતે પણ ચૂંટણી હતી અને ૧૧ જણની કમિટી બનાવી હતી, તેમાં નેપાળના સરસ્વતીબેનને ચેર અને મને વાઈસચેર બનાવી હતી.ત્યાર પછી કોરોનામાં ઓનલાઈન મિટીંગોમાં જોડાતી જેમાં, આપણે 'સેવા'ના કામના વિડીયો બતાવતા સાથે બેનોની કેસ સ્ટડી બતાવીને આપણા કામની રજૂઆત પણ કરતી. આ વખતે જયારે 'આફા'ની સાધારણ સભા અને ૨૦ વર્ષની ઉજવણીનો કાર્યક્રમ હતો તેમાં 'સેવા'વતી મને જયારે તેમાં સહભાગી થવાનો મોકો મળ્યો અને આપણા કામની રજૂઆતના આધારે ૧૭ દેશોના પ્રતિનિધિઓ એ મને 'ચેર' બનાવવા માટેની પસંદગી કરી અને આંતરરાષ્ટ્રીય સ્તરે એક સીમાંત ખેડૂત બેનને 'ચેર' બનવાનો અવસર મળ્યો આપણી ગરીબ બહેનોનો ડંકો વાગ્યો. જે સંગઠનના બળે બની શકી. પહેલા હું અંગ્રેજીમાં બોલી કે સમજી શકતી ન હતી પણ,'સેવા'ના અંગ્રેજી શીખવાના ક્લાસમાં પણ નિયમિત જોડાઈ અને મેં મારી આ વખતની રજૂઆત અંગ્રેજીમાં કરી. આ ક્ષણે મને ખૂબ ગર્વ અને આનંદની લાગણી અનુભવાય. આ કાર્યક્રમમાં આપણે આપણા સભ્ય બહેનોની પ્રોડક્ટ સેવાબજારનું ડિસ્પ્લે કર્યું હતું. જેમાં, બીજા બે એવોર્ડ પણ 'સેવા'ને મળ્યા, મોસ્ટ વેલ્યુએબલ એડેડ પ્રોડક્ટ્સ અને ગુડ મેમ્બરશિપ એવોર્ડ મળ્યો જે મળવાથી અમે ગદ્ગદ્ થઈ ગયા અને ગૌરવ અનુભવાયું. સેવાના ૫૦ વર્ષ લેખે લાગ્યા''

આમ, 'આફા'ના આ કાર્યક્રમમાં ભાગ લેવાનો અવસર ઘણો પ્રેરણાદાયક રહ્યો. આ શ્રમજીવી-ગરીબોના સંગઠનથી જ પ્રાપ્ત થયું.

- **જીજ્ઞાસા, જશુમતી**

❑

# ઈલાબહેન સાથે 'અનસૂયા'!

હું જાન્યુઆરી ૨૦૦૯માં 'અનસૂયા'ના એડમિનમાં જોડાયેલી. ત્યારે મનીપુરમાં હિન્દી 'અનસૂયા' ટ્રસ્ટ, ભોપાલ દ્વારા તા. ૧૨થી ૧૪ એપ્રિલ, ૨૦૦૯માં એક લેખન તાલીમમાં પહેલું સેશન ઈલાબહેને લીધેલું. જેમાં, પોતાનો પરિચય આપતાં મેં કહ્યું, હું અનસૂયામાં એડમીનમાં કામ કરું છું અને ગ્રાસરૂટ જર્નાલીસ્ટ છું. (અનસૂયામાં લીનાબહેન દ્વારા મળેલ લેખન તાલીમથી લખતી થઇ.) 'બેન' થોડા હસતાં ને હરખાતા મારી સામે જોતાં કહે, ''ઓઓ... તો તમે, 'જે જે' (જયંતિકા જયંત) સાથે કામ કરો છો, એમ ! બહું સરસ..., એમની પાસેથી ઘણું શીખવા મળશે, એટલે બરાબર શીખી લેજો.'' મેં જાણે અજાણે બસ હા પાડી દીધેલી, એ મારી ઈલાબહેન સાથેની પહેલી મુલાકાત. આમ ઈલાબહેન સાથે અનસૂયાના પ્રકાશનનું કામ હાથ પર લીધું.

મને ખબર નહોતી કે, ભવિષ્યમાં અનસૂયા સંદર્ભે મને પણ બેન સાથે નજીકથી કામ કરવાનો મોકો મળશે !

૨૦૧૬-૧૭માં અનસૂયાની મેટર સુધારવાનું કામ મનાલીબહેને મને સોંપ્યુ અને ત્યારથી આ કામ માટે બેનના ઘરે અવાર-નવાર જવાનું થતું. પહેલીવાર બેનના ઘરે ટોયહાઉસ, ઉસ્માનપુરા ગઇ હતી. ઘરનો દરવાજો બેને ખોલ્યો, મને અંદર બોલાવી. હું ઘરમાં ગઇ ને મેટરનું ફોલ્ડર બેનના હાથમાં આપ્યું. બેન કહે; ''તમે અનસૂયામાં સારું લખો છો.'' મેં કહ્યું, બેન મને એટલું બધું લખતાં નથી આવડતું. બેન કહે, ''એવું નહીં કહેવાનું કે, મને નથી આવડતું. તમે જ કરો છો ને આ બધું !! તમારે જ કરવાનું છે. કોઇ કામ એવું નથી કે, ના આવડે. આપણે કામ હાથમાં લઇએ ને શીખતાં શીખતા શીખાઇ જાય.'' ત્યારે મને એમ થાતું કે, આટલા મોટા વ્યક્તિ ને સાવ નિર્મળ સ્વભાવના અને એકદમ સરળ રીતે સમજાવી દે છે !

અનસૂયાની તૈયાર કરેલ મેટરની પ્રિન્ટ કાઢી મનાલીબહેનને એડિટીંગ માટે આપું, મનાલીબહેને આપેલ કરેક્શન કરી નવી પ્રિન્ટ કાઢી, મનાલીબહેનના સૂચન મુજબ મેટરનો ક્રમ નક્કી કરી ચિઠ્ઠી લખી કાગળના એક ફોલ્ડરમાં મૂકી બેનની ટપાલમાં આપવાનું, એ મારું નિત્ય અનસૂયા અંક વખતનું કામ. બેનને અનસૂયા પ્રત્યે ખૂબ જ લગાવ. એટલે ખૂબ જ ચીવટથી એ અનસૂયા જોતાં. એક એક શબ્દ વાંચતાં, સૂચન કરતાં અને ચિઠ્ઠી લખીને મોકલતાં જેમાં, મારી ટાઈપિંગમાં કોઇ શબ્દની ભૂલ હોય કે, લેખના ટાઇટલમાં કે, વાક્ય રચના ગોઠવવામાં કોઇ ભૂલ થઇ

હોય તો, બેન તરત ટોકતાં ને કહેતાં, ''આ ભૂલ છે, ગોમતી સુધારી લેજો.'' ક્યારેક લખે કે, ''મારી સાથે વાત કરશો.'' તો હું મોબાઇલથી બેનના અનુકૂળ સમયે વાત કરતી, ઘણી વાર કોઇ સુધારા ફોન ઉપર જ કરાવતાં. જેવું અનસૂયા છપાઇને આવે ને તરત જ એ અંક પંકજભાઇ 'સેવા'માં ટપાલ લઇને આવ્યા હોય તેમની સાથે મોકલી આપતી.

એકવાર મેટર લઇને બેનના ઘરે ગઇ હતી, બેન ઘરની બહાર બગીચામાં ખુરશીમાં બેઠા હતા. મને જોઇને બેન કહે; ''આવો આપણે ઘરમાં બેસીએ.'' હું અંદર ગઇ. બેન કહે, ''મારે મેટર જોતાં એકાદ કલાક જેવું લાગશે, જો તમને વાંધો ના હોય તો મારી પાસે બેસો.'' બેને કીધું એટલે હું તો, બેઠી. એમના ઘરમાં બધું જોતી હતી, ત્યાં મારી નજર દિવાલ ઉપર પડી, જ્યાં રંગીન ચોક અને પેનથી લીટોડા પાડેલા. મેં બેનને પૂછ્યું, બેન, આ દિવાલ ઉપર કલર કરાવી દેતાં હો તો કેવું સુંદર લાગે ! બેન કહે, ''ના એ તો, મારા સોમેશ્વર અને રામેશ્વરની યાદો છે. નાના હતા ને ભણતાં, તેઓ નિશાળનું ઘરકામ નોટ-સ્લેટમાં કરતાં ને ત્યારે, આ દિવાલ ઉપર પણ લખતાં અને દોરતાં હતા. જે મને ગમતું હતું એટલે, આજે પણ એવું ને એવું જ રહેવા દીધું છે.''

બેન સાથેની એક યાદ જે મને કાયમ યાદ રહેશે. 'સેવા'ના ૫૦ વર્ષની ઉજવણીનો કાર્યક્રમ સરદાર પટેલ સ્મારક ભવન, શાહીબાગ ખાતે યોજ્યો હતો, જેનું રિપોટીંગ મેં કર્યું હતું. 'સેવા પચાસે પુગી' 'અનસૂયા'નો ખાસ અંક કર્યો હતો. જ્યારે છપાઇને અનસૂયા આવ્યા ત્યારે, મેં પહેલો અંક ખોલીને જોયો તો રંગીન અનસૂયા એટલું સુંદર લાગે કે, જોતાં જ રહીએ ! એક અંક મનાલીબહેનને આપ્યો. તેમણે કહ્યું કે, આપણે આ અંકને ફોટો ફ્રેમ કરાવીને બેનને ગીફ્ટ આપીશું. એ સરપ્રાઇઝ છે. મને પણ નવાઇ લાગી. મેં કહ્યું સારું. બીજે દિવસે સાંજે ૪ વાગ્યે મનાલીબહેન સાથે બેનના ઘરે પહોંચ્યા. બેન અંદરના રૂમમાં બેઠા કંઇક વાચતાં હતાં. અમે બન્ને ચૂપચાપ એમની પાસે ગયા. અમને જોઇને બેન નવાઇ પામ્યા. કહે, ''શું વાત છે તમે બન્ને સાથે આવ્યા છો ને કંઇ ?'' મનાલીબહેન કહે, ''હા બેન, તમારા માટે આજે સરપ્રાઇઝ છે...'' બેન ખુશ ખુશ થઇ ગયા. મનાલીબહેને ફોટો ફ્રેમ હાથમાં લીધી અને તેનું રેપર ખોલ્યું, મને કહે, ''આ સરપ્રાઇઝ ગોમતીબહેન, તમે તમારા હાથે 'બેન'ને આપો.'' મેં કહ્યું, આપણે સાથે આપીએ. મનાલીબહેન કહે, ના ''તમે જ આપો.'' ફોટો ફ્રેમ કરેલ 'અનસૂયા' મેં બેનને હાથમાં આપ્યું, ત્યારે બેન હાથ મિલાવતાં મને કહે, ''ગોમતી, આ અનસૂયાના અંકમાં ખૂબ જ મહેનત પડી છે નહી !'' મેં કહ્યું, હા બેન. આપણા બધાની એટલી જ મહેનત છે... બેન કહે; ''હા પણ, તમારી વધારે મહેનત છે.'' મનાલીબહેન કહે, ચલો હું તમારા બન્નેનો ફોટો પાડુ. બેન કહે, અરે... મેં તો, સાડી નહી પણ, પંજાબી-સલવાર પહેર્યો છે ! મનાલીબહેન કહે; બેન, તમે તો હંમેશા સુંદર જ લાગો છો... પછી હું ને બેન ફોટા માટે ગોઠવાઇ ગયા અને મનાલીબહેને તેમના મોબાઇલમાં ફોટા પાડયા અને પછી મનાલીબહેનની સાથે મળીને બેનને અનસૂયા ફોટોફ્રેમ ગીફ્ટ આપતાં બીજા પણ ફોટો પાડયા. એ વખતે બેનના મોં ઉપર એક અલગ જ આનંદ વર્તાઇ રહ્યો હતો અને હસતાં-હસતાં અમારી સામે ટગર ટગર જોયા કરતાં.

ત્યારબાદ, બેને અમારા માટે ચા-નાસ્તો મંગાવ્યો જેમાં, બેનની ખાંડ વિનાની ચા સાથે અમારા માટે કોફી અને નાનખટાઇ પણ આવી. મનાલીબહેને તેમની બેગમાંથી દૂધીનાં મુઠીયાનો ડબ્બો કાઢયો અને બેનને કહે; તમારા ફેવરેટ મુઠીયા લાવી છું. લ્યો બેન, ટેસ્ટ કરો. અમે બધાએ સાથે બેસીને હસતાં-હસતાં, વાતો કરતાં નાસ્તો કરી ત્યાંથી છુટા પડયાં.

સાચે જ બેન પાસેથી ઘણું જાણવા અને શીખવા મળ્યું છે. બેનનો નિખાલસ સ્વભાવ, નાનામાં નાની વાત ઉપર વિચારતાં કરી દે ! એ અણમોલ પળો મને આજે ય અનુભવાય છે. એ મારા માટે બેનની યાદો કાયમ રહી...! બેન સાથે કરેલી દરેક વાતો મને 'અનસૂયા' કરતી વખતે કાયમ યાદ રહી.

**- ગોમતી**

❑

## ગાંધીમાર્ગના વિશિષ્ટ પ્રતિનિધિઃ ઈલાબહેન ભટ્ટ

'કેટલીક વ્યક્તિઓને ભગવાન પસંદ કરીને પોતાની નિકટ લે છે અને તેમને હૈયે ભડભડતો અગ્નિ આપે છે.' એવી મતલબનું અવલોકન રવિન્દ્રનાથ ટાગોરે આપ્યું છે. ઈલાબહેન ભટ્ટ માટે એ સો ટકા સાચું છે. તેમને નોકરી કે કમાણીથી સંતોષ થાય એમ નહોતો. ભણ્યાં એડવૉકેટનું અને જીવનભર વકીલાત કરી છેવાડાના, અસંગઠિત અને જેને સમાજમાં લગભગ ઉપેક્ષિત ગણવામાં આવે છે એવાં બહેનો માટે. એ માટે મંત્ર લીધો ગાંધીનો. નક્સલવાદીઓ પણ સશક્તિકરણ કરે છે, પરંતુ તેમનું માધ્યમ હિંસાનું હોય છે. ઈલાબહેને શાંતક્રાંતિ કરી. બહેનોના હીરને પ્રગટ કરવા તેમણે આજીવિકાવૃદ્ધિ અને સમજ વિકાસની બંને પાંખો મજબૂત બનાવી. તેમણે પારખ્યું કે ગાંધીજીએ સંગઠન દ્વારા આ દેશના લાખો સામાન્ય માણસોને જગાડયા, આઝાદી માટેના જંગમાં પ્રેર્યા. પરિણામે સામાન્યથી અસામાન્યની જ

કમાલ કરી. ઈલાબહેન ભટ્ટે જીવનભર 'સેવા' સંસ્થા દ્વારા બહેનોનું કાર્ય કર્યુ એની ખૂબી એ છે કે તેમણે શ્રમજીવી મહિલાઓને જગાડયાં, સંગઠિત કર્યા અને પોતાનું નેતૃત્વ લેતાં કર્યા.

શ્રમજીવીમાં એક વિશિષ્ટ ગુણ હોય છે- પ્રતિકૂળતાઓ સામે ઝૂંઝવાની તૈયારી અને અપાર ધૈર્ય. ઈલાબહેને આ સામર્થ્યને જગાડયું અને ઉછેર્યુ.

પુરુષપ્રધાન સમાજમાં મહિલાઓ માથું કાઢે એ સહન કરવું અઘરું હોય છે. એટલે માત્ર માથા ઉપર ઘૂંઘટ નથી હોતો, ક્ષીર આડે પણ ઘૂંઘટ ઢાંકીને મહિલાઓને અધિકાર વિહોણી રાખવાનું શક્ય બનાવાનું હોય છે. ઈલાબહેનનું મહાન પ્રદાન છે આ આડશને દૂર કરવામાં. એમ પણ કહી શકાય કે શિક્ષિત મહિલાઓ વધુ સહન કરી લે છે. એ કરતાં અશિક્ષિત કે અલ્પશિક્ષિત મહિલાઓ જો સંગઠિત થાય અને દૃષ્ટિવાળી થાય તો પ્રતિકૂળતાઓ સામે વધુ સઘનપણે ઝઝૂમી શકે છે. કારણ કે તેમણે તો બાવડાં વીઝીને જ જીવવાનું હોય છે.

બહેનોની આવી સંખ્યા હજારોની છે. વેરવિખેર હતી. ગામડે ગામડે પથરાયેલી હતી. ઈલાબહેનને હૈયે ગાંધીનો મંત્ર બેઠેલો હતો. આર્થિક સ્વાવલંબન અને અહિંસક સંગઠન એટલે રોજગારીના સ્વરૂપને આડે આવવા દીધા સિવાય તેમણે બહેનોને આહ્‌વાન આપ્યું. તેમાં શાકભાજીવાળા, લારીવાળા, દાતણવાળા, પાથરણાંવાળા ને વિવિધ મજૂરી કરનારાં સંગઠનના બળનો પરિચય કરાવવાનો હતો. હતાં હજારો, પણ કાયદાના રક્ષણ વિનાનાં સામાજિક સ્વીકૃતિ વિનાનાં. આ બહેનોને પોતાના સામર્થ્યનો પરિચય કરાવવાનું કપરું કામ ઈલાબહેન કરી શક્યાં તે તેમની સૌથી મોટી સિદ્ધિ હતી.

કાર્ય સફળ થાય ત્યારે એની પ્રશંસા થાય છે, પુરસ્કારાય છે, પરંતુ સફળતાનાં એવરેસ્ટ-ચઢાણ ચઢાયાં કેવાં કપરાં હોય છે એ તો જેણે આરોહણ કર્યુ હોય છે તેઓ સમજે છે. ઈલાબહેને અવિશ્રાંત કાર્ય કર્યુ. જેમ જેમ ધરાતલ ઉપર ઉતરતાં ગયાં તેમ પારખ્યું કે સરકારો દાવો કરતી હતી, પરંતુ તેમના પરિઘમાં શ્રમજીવી બહેનો નહોતી. એક પાથરણાવાળી બહેનને પોલિસ, દુકાનદાર, ધીરાણ કરનારા વ્યાજખોરો, ઉત્પાદનને નજીવી કિંમતે પડાવી લેનારાઓ ડગલે ને પગલે લૂંટતા હોય છે. તેમના શોષણ પ્રત્યે ભાગ્યે જ કોઈનું ધ્યાન જતું હોય છે. ઈલાબહેનને એ પરખાયું એટલે તેમણે ઉપાયો વિચાર્યા. એમના પ્રશ્નોને પોતાના ગણ્યા. એને માટે બધું કર્યુ. 'સેવા બેંક' ઊભી કરવા સુધી ગયાં. તેમને પદ્મભૂષણનો અવોર્ડ આપનારાઓને પણ આવા અસંગઠિતક્ષેત્રના પ્રશ્નોની પૂરી ખબર નહોતી.

આ કેવળ આવક વધારવાનો કાર્યક્રમ નહોતો. થોડાને રોજી આપવા સુધી તેઓ સિમિત ન રહ્યાં. મહિલાઓને સ્વાવલંબી, સંગઠિત, સ્વમાનપૂર્ણ અને સમજભર્યા કરવાનાં તમામ ક્ષેત્રોને તેમણે પોતાનાં ગણ્યાં. જ્યારે જે દિશા જરૂરી લાગી તેમાં નવપ્રયાણ કરતાં રહ્યાં. અંતે આઝાદ ભારતના નાગરિક બનાવ્યા.

આવા કામ એક રીતે તપશ્ચર્યા હોય છે. તેમાં રાત-દિવસ એક થઈ જાય છે. પ્રત્યેક શ્વાસે, પ્રત્યેક વિચારમાં એની જ રટણા હોય છે, ત્યારે આવું કામ રંગ લાવે છે. સિંહનું બચ્ચું ઘેટા ભેગું રહીને બેંબેં કરતું હતું, તેને સિંહણ પાણી સુધી ખેંચી ગઈ અને પાણીમાં તેનું ખરું સ્વરૂપ બતાવ્યું ત્યારે એ વાર્તા ઈલાબહેને જીવી બતાવી. તેમણે બહેનોને પોતાના સાચા સામર્થ્યનો પરચો આપ્યો. એટલે બહેનો નાની-મોટી તમામ પ્રકારની આગેવાની લેતાં થયાં.

અનુભવ તો એવો થયો કે, આ બહેનોમાં ભણતરની ઓછપ હતી, પરંતુ કાર્યશક્તિ કે સંગઠનશક્તિ અમાપ હતી. એનો પરિચય એ બહેનોને અને સમાજને થયો. એટલે દેશ-વિદેશના રાજપુરુષો અને અભ્યાસીઓ ઈલાબહેનના કામને ઝીણવટથી સમજવા ઉત્સુક રહેતા. એમની કદર પણ થઈ. મેગસેસ અવોર્ડ આપનારાઓની હારમાળા થઈ. સ્વરાજ પછી જે સૌથી છેવાડાનાં હતાં એવાં મહિલાઓનું આવું નમૂનેદાર કાર્ય કરીને ઈલાબહેન દૃષ્ટાંત પૂરું પાડયું કે આતમશક્તિ કેમ જગાડી શકાય. ગાંધીજીનો માર્ગ કેવો સજીવ અને કાર્યસાધક છે. આત્મનિર્ભર બનવુ હોય તો આર્થિક સ્વાવલંબન અને સ્વમાન જાળવણી જરૂરી છે.

સ્વરાજ પછી (ગાંધીજીના અવસાન પછી) આ ઢબે લોકજાગૃતિ અને લોકસંગઠનનું અસાધરણ ઉત્કષ્ટ સ્વરૂપ તેમણે નીપજાવ્યું એ તેમની આગવી સિદ્ધિ છે. એમ કહેવામાં યથાર્થ વિધાન છે કે તેમણે દેશ સામે તળ ભોં સુધી જઈને વ્યાપક સ્વરૂપમાં કામ કેમ કરી શકાય તેનો નમૂનો પૂરો પાડયો છે. ગાંધીમાર્ગને નવા સ્વરૂપમાં રજૂ કર્યો છે. એટલે ઈલાબહેનનાં મૃત્યુ પછી સાંપ્રત શ્રમિક મહિલાઓએ સહજ હૃદયભાવરૂપે અસાધરણ વાક્ય કહ્યું હતું કે 'અમે સૌ ઈલાબહેન બની ગયા.' મહર્ષિ કર્વે પછી મહિલાઓ માટે આવું વ્યાપક સંગઠનસ્વરૂપ, કદાચ, ઈલાબહેને સર્જ્યું છે. એ માટે દેશ-વિદેશ પણ તેઓ ગયાં. સ્થાનિક આગેવાનીનું નિમાર્ણ અને વ્યાપક જનસમૂહના માનસનું ઘડતર તેમણે અને સાથીઓએ એવી રીતે કર્યુ કે પેઢી પછી પેઢી તૈયાર

થતી રહી. 'સેવા' અનેક દિશાએ વિસ્તરી અને સફળ થઇ તેમાં ઇલાબહેને ઘરબેલાં મૂલ્યોના મજબૂત પાયાઓ કારણભૂત છે.

ઇલાબહેનની સફળતામાં તેમનો સ્વભાવ અને જિજ્ઞાસા પણ કારણભૂત હતાં. તેઓ અનેક રીતે મોટાં હતાં, ઊંચા સ્થાન પર હતાં. અદ્‌ભૂત સફળ કાર્ય કર્યુ હતું, દેશ-વિદેશનાં માન-સન્માન મળ્યાં હતાં. પરંતુ છેવટ સુધી તેમની સરળતા અકબંધ રહી હતી. નાના કે મોટા સૌ તેમની સાદગી અને સરળતાથી તેમના બની જતા. તેઓ વાત કરતી વખતે ઉચ્ચાસનેથી બોલી રહ્યાં છે તેવું ક્યારેય ન લાગતું. જાણે પડખે બેસીને મોટીબહેન સહજ વાતચીત કરી રહ્યાં હોય તેવું જ લાગતું. કારણ કે, તેમણે સરળતા અને સાદગીને અંતરથી ઉગાડયા હતાં. એ તેમનામાં પચેલાં હતાં. એ બાહ્ય દેખાવ નહોતો, જીવતરની સ્વાભાવિક ગતિ હતી.

તેમની સાથે વાત કરતાં તુરંત અનુભવાય કે તેમની જિજ્ઞાસા અખંડ રહી છે. મનુભાઇ પંચોળીએ ભલામણ કરી તેથી એલન પેટનની નવલકથા 'બાય ધ બિલવડ્‌ કન્ટ્રી' વાચી તો ખરી જ. પણ પછી દર્શક મળ્યા ત્યારે જે ઝીણવટભર્યા પ્રશ્નો પૂછયા તેમાં તેઓ કોઇ પણ ઘટનાને કેવી સમગ્રતાથી જોતાં-પારખતાં હતાં એ પામી શકાતું.

તેઓ 'ગુજરાત વિદ્યાપીઠ'ના કુલપતિ હતાં. વાતચીતમાં મેં તેમને 'લોકભારતી'ના અનુભવે કહ્યું કે, 'વિદ્યાપીઠનું ખરું તેજ છાત્રાલય જીવન દ્વારા પ્રગટ થશે.' તેમણે મને અને બિંદુ ઝાલાને તેમને ઘેર બોલાવ્યા. લગભગ દોઢેક કલાક સુધી છાત્રાલય જીવન અને બહેનોના પ્રશ્નો, સહશિક્ષણ વિશે ખૂબ ઝીણવટથી પ્રશ્નો પૂછયા અને વાતો કરી. પોતાના અવલોકનો રજૂ કર્યા. તેમના પ્રશ્નોમાં વરતાય કે તેઓ કેટલાં ઊંડા ઉતરી શકે છે. આ વાતો વખતે તેમની ઉંમર ૮૮ આસપાસની હતી, પણ તેઓ જરાય જૂનવાણી લાગ્યા ન હતાં. એ દર્શાવે છે કે તેઓ પોતાની જવાબદારીઓ પ્રત્યે કેવી નિસ્બત ધરાવતાં હતાં અને સજાગ હતા. તેમનો આત્મઅગ્નિ સતત પ્રજ્વલિત છે તેવું અનુભવાતું.

ઇલાબહેન ભટ્ટ ગુજરાતની વિરલ પ્રતિભાઓ પૈકીનાં હતાં. ૯૦ની ઉંમરે તેમને ચિરશાંતિ લેવાનો હક્ક હતો. તેમને ખરી અંજલિ એ ગણાય કે તેમને પગલે થોડાંક ડગલાં ચાલીએ. તેમણે સિદ્ધ કરેલા માર્ગને ચોખ્ખો રાખીએ.

**- મનસુખ સલ્લા**

❑

# ઇલાબહેન એક આદર્શ

The passing of legendary Elaben Bhatt is untimely. She was 89.She lived a full life and enjoyed fairly good health. She took ill only a few Weeks back and hence her departure is sudden and sad. A person of her stature, moral standing and sincerity is acutely required in today's turbulent times.

Elaben carried the Gandhi flame right from her childhood, the tradition coming from her family and especially her grand father who whos part of salt march She was an extraordinarily sensitive child who was emotionally moved by the Freedom Movement. A pre-teen in 1942, she was deeply impressed by the *Angrezo Bharat Chhodo* movement. Not a conformist, Elaben was an extraordinary woman among women. Prof. Ramesh Bhatt thinking intellectual nurtured and guided her after her marriage with him. She had the rare courage to Stand firm against the leadership of Majoor Mahajan Sangh a powerful labour union that was born with the blessings of Mahatma Gandhi. She had joined the organisation as a volunteer. She brought the case of women conducting their tiny business on the streets of Ahmedabad and home-based workers. The Majoor Mahajan Sangh refused to form a labour union of the women self-employed workers whose working conditions were worse than the labourers in the factory environment. She broke the convention and revolutionalised the concept of the labour union. Always, very particular about boldly pointing out that the Self-Employed Women's Association (SEWA) was a union and not a voluntary or Non-Government Organisation. SEWA was born as a membership-based union.It is a worldwide union now with more than two million women members. Such was her original and foundational creation of SEWA that it deservingly got national and international recognition.

A very modest and sober person with steely determination she mobilised working women of the world and networked with national and international organisations working for women's recognition as dignified economic workers contributing to the GDP in their respective countries. It was SEWA that first recognised

the need for small loans required at very short notice and control of loan sharks in the cities. SEWA under Elaben's firm farsighted leadership fought another battle with the Reserve Banking of India for getting the SEWA Bank its to Spread in Africa, America, And latin America due legal recognition. Not surprisingly, the Women's World Bank was formed and she headed it. She very easily gave up her leadership positions to the next generation and encouraged sharing and taking the work forward.

In the last decade of her life, she was deservingly invited to become the Chancellor of Gujarat Vidyapith, Ahmedabad, a university founded by Mahatma Gandhi. She felt very responsible holding the title that was once held by Gandhiji, Sardar Patel, Dr. Rajendra Prasad and Morarji Desai. She brought an original vision for Vidyapith relevant to current times. She said that Vidyapith should strive to become Roti Pith, Kapda Pith and Urja pith – the indigenous and Gandhian Mantra for theSustainable development of humanity. Her vision for the Sabarmati Gandhi Ashram,She wanted to bring alive the core constructive programs that were once the mainstay of the Gandhi Ashram. Until last, she remained apprehensive about the Government's proposal to redevelop the Gandhi Ashram Precinct. She was for change but to her, it meant bringing back the message of simplicity, frugality and dignity in all the structures and ambience that would serve as a memorial and living demonstration of the work and values for which Gandhiji and his associates stood.

Elaben was a motherly figure soothing to all who approached her with all kinds of problems. She cared for people, she respected work and working people and she promoted sustainability in economics, society and in nature. Fear not, and hate not is the core message she carried. We need to do the same. Working for the last person would be to carry her legacy and that of the Gandhian legacy of which she was one of the most prominent torchbearers.

**- SUDARSHAN IYENGAR**

❑

## एक युग का अंत हो गया।

(अशोक पंजाबी, उपाध्यक्ष, गुजरात प्रदेश कांग्रेस समिति।)

इलाबेन भट्ट, नाम सुनते ही आदर से सिर झुक जाता है। ऐसा सशक्त नाम कि जिनकी मृत्यु से भारत राष्ट्र मे नही भरने वाला शुन्य अवकाश पैदा हो गया। जाने एक प्रज्वलित युग का अंत हो गया। किसी भी अहंकार घमण्ड से दूर, सरलता, सादगी, ममता व मानवता से भरपूर व्यक्तित्व सदैव याद रहेगा। महीला सशक्तिकरण को चरितार्थ करने वाली इस अदम्य शक्ति की महान आत्मा को कोटि कोटि  वंदन। मुझे ईस बात का गर्व है कि दिवंगत इलाबेन भट्ट  जी का अल्प समय के लिए मार्गदर्शन लेने का अवसर मिला था। श्रमिक प्रजा व लारी गल्ला लडत समिति की तरफ से श्रद्धांजलि अर्पण।

## અમદાવાદના અનન્ય

અમદાવાદે ભારતની આઝાદી માટે ખૂબ કર્યું. અમદાવાદના ઈલાબેને ભારતની 'દૂસરી આઝાદી' માટે ખૂબ કર્યું. 'દૂસરી આઝાદી' એટલે ગરીબોને રોજી, બહેનોને આવક અને પરિવારોને માથે છાપરું. કામ કરતાં ગયા, આઝાદી ઘરઘરને અપાવતા ગયા, સૌને સાથે રાખતાં ગયા અને વિચારવંત સંસ્થાઓ બનાવતાં ગયા.

**- બીજલ ભટ્ટ, મહિલા સેવા હાઉસીંગ ટ્રસ્ટ**

અમદાવાદના ઘરમાં આંગણે ઓટલે સાદી નેતરની ખુરશીમાં બેસી દેશ-વિદેશના કારોભાર ઈલાબેને ચલાવ્યા છે. સારા કામ કરવાની જરૂરિયાતો કેટલી ઓછી અને સાદી હોય છે!

**- કિરણ જાની, કેનેડા**

મને અમદાવાદની ફેરિયા બહેનો અહીં અમેરીકામાં વોશિંગટન ડી.સી. શહેરમાં આજે દેખાય છેઃ સતત મજૂરી અને સમાજનું રેકગ્નીશન માટે લડત ઈલાબેન વગર શક્ય નથી. મહેનત કરતી ગરીબ બહેન જોઉં અને ઈલાબેન યાદ આવે છે.

**- માયા પોટર, ભૂતાન**

અમદાવાદની દરેક ફેરિયા બહેન પાસે સેવા બેંકનું એ.ટી.એમ. કાર્ડ પહોંચે તે ઈલાબેનનું નગરદર્શન. નવી-નવી ટેકનોલૉજીનો ગરીબોલક્ષી ઉપયોગ તેમને સતત જરૂરી લાગતો.

**- મનિષ પટેલ**

અમદાવાદની એક કહાની સમા ઈલાબેન આપણી વચ્ચે નથી. ગાંધીવાદી, ભોમિયા, ત્રણ પેઢી માટે ઉત્સાહ પ્રેરનારા.

બહેનોની ઉન્નતિ માટે તેમણે અથાગ મહેનત કરી. ઈશ્વર તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે.

**- ચંદ્રારકભાઈ**

સલામ! ઈલાબેનને. કેવું અદ્‌ભુત કામ અમદાવાદની બહેનો માટે કરી ગયા!

**- ગોવિંદભાઈ**

અમદાવાદ કે અમેરીકાઃ અન્નાનું હુંફાળું છત્ર હંમેશા મળતું રહે. અખૂટ અને અફાટ દરિયા કિનારા સમું.

**- સોમનાથ ભટ્ટ**

ઈલાબેન આપણા સૌના, આદરણીય અને પથદર્શક. હૃદયમાં અંકિત.

**- બંકીમભાઈ**

આપણા સૌ માટે પથદર્શકઃ હક્ક માટે પ્રેમથી લડાઈ કેમ કરવી અને પ્રામાણિક કામ બેરોજગારના હાથમાં કેમ મુકવું તે ઈલાબેન જ જાણે.

**- સુમન રાઠોડ**

અમદાવાદમાં ગમે તેટલું કામ હોય, અન્ના પૌત્રો અને પૌત્રીઓ માટે સેવાની બહેનો માટે હતો તેટલો જ લગાવ રાખે. અનેક કામ પૂરા કરીને મારા દિક્ષાંત સમારંભમાં ટોરોન્ટોમાં સમયસર હાજર થયેલાં.

**- જેસલ જાની, કેનેડા**

અમદાવાદનો ઉન્નત આત્મા. અખૂટ શક્તિ સારા કામ કરવાની. સમય આવે તે પહેલાં સમાજના પ્રશ્નોનું દર્શન કરનારા.

**- જાહ્નવી, હોમનેટ ઈન્ટરનેશનલ**

કોઈ શહેરમાં નથી થયું તે અમદાવાદ શહેરમાં ઈલાબેને કરી બતાવ્યું છેઃ સતત પાંચ દાયકા હજારો બહેનો માટે ગરીબી નિવારણ, પ્રામાણિક મહેનત મજૂરી કરી રોજી રળીને. આવું એક શહેર તો બતાવો? યુ.કે.ના છાપા કેમ શાંત છે?

**- જ્યોર્જ ડે, યુ.કે.**

કામદાર કામદાર વચ્ચે કેમ ફેર રાખવો જોઈએ? ઓફિસમાં કામ કરે કે ફેક્ટરીમાં કે અમદાવાદના રસ્તા પર શાક વેચે. દરેકને સમાન સામાજીક સુરક્ષાનો અધિકાર હોવો જોઈએ, એમ ઈલાબેન માનતા.

**- ધ ગ્લોબ એન્ડ મેઈલ, ટોરોન્ટો**

અમદાવાદના વિક્ટોરીયા બાગમાં ૫૦ વર્ષ પહેલાં ગરીબ બહેનો સાથે મળી 'સેવા'ની સ્થાપના કરી તે પાંચ દાયકા લાખો બહેનોને સંગઠિત કરી પછી બારમી એપ્રિલે ૨૦૨૨માં ફરી વહેલી સવારે ઈલાબેને યાદ કરી વડનું વૃક્ષ વાવી ઋણસ્વિકાર કર્યો.

**- અનિકેત ભાગવત, આર્કિટેક, અમદાવાદ**

અમદાવાદને કેવી આપત્તિ! ઈલાબેન અદ્‌ભુત હતા, છતાં હળવાં. સંગીન છતાં કોમળ. મક્કમ છતાં સમજુ. એક જીવનમાં ઘણાં જીવનનું કામ અમદાવાદમાં રહી દેશ-પરદેશમાં કર્યું. શું ભગવાન તેમને થોડો થાક ખાવા સમય આપશે?

**- કીર્તિ શાહ, આર્કિટેક, અસાગ, અમદાવાદ**

દૂરથી પણ દસકાઓ સુધી ઈલાબેનનું અમદાવાદમાં સમાજ 'સેવા'નું અને સંગઠનનું કામ જોયું છે અને સમજી છું. એકાગ્રતા અનન્ય હતી. સારું કામ કેવું પ્રસરે છે! કરવુંહોય તો સારું કામ કરવું અઘરું નહી જ.

**- પૌલા જાની, મોરગન, કેનેડા**

પાસે બોલાવે. બેસાડે. દુનિયાએ ગરીબોના અડગ નેતા ગુમાવ્યા છે. જ્યારે અમદાવાદે ગરીબોના પ્રેમાળ માતા અને દાદીમા ગુમાવ્યા છે. આવી સમજ અને શક્તિ પામવાનું અમદાવાદનું સૌભાગ્ય છે.

**- આર્થરભાઈ ડફ, આર્કિટેક**

અમને અમદાવાદની હજારો ગરીબ બહેનોને અમારા માલિકીના ઘર માટે સંઘર્ષ કરવા લડત આપવા હિમ્મત આપતાં ઈલાબેન થાકે નહીં. અમે થાકીએ.

**- મહિલા સેવા હાઉસીંગ ટ્રસ્ટના સભ્યો**

ઈલાબેન સાથે ખાડિયાનો જુનો સંબંધ અને સાથે કામ કરતાં જોયું કે, ઈલાબેન પોતાના કામમાં ગાંધીજીના મૂલ્યો શોધતા અને શિખતા. તેમણે ગાંધીજીનું નામ નહીં પરંતુ કામ પોતાનું કર્યું, અને ભૂતકાળના ગાંધીજી નહી પરંતુ રોજબરોજના રોજીંદા ગાંધીજી. વળી સૌને સાથે રાખતાં શિખવ્યું. સારું કામ સાથે રહ્યાં વગર ન થાય તે કરી બતાવ્યું. ઈલાબેન હતાં અને છે તે જ અજાયબી છે.

**- મિત્તલ શાહ, સેવા ફેડરેશન**

મારો પચાસ વર્ષનો સંબંધ. સાથે કામ કરવા માટે શરૂ કર્યું એમ.એલ.ડબલ્યૂ.થી અંતે સંસ્થા બનાવી 'સેવા' કલાકૃતિ. અમદાવાદના માઈક્રોને ઈલાબેને દુનિયાના મેક્રો સાથે સતત પાંચ દાયકા જોડ્યું. ઈલાબેન ચલતે ગયે, બદલતે ગયેઃ સબકો, ખૂદકો, ખૂદાકો.

**- લલિતા ક્રિષ્ણસ્વામી, 'સેવા'**

❑

## ઈલાબહેન મારા બહેન સમાન

ઈલાબહેન વિષે લખવાનું થયું ત્યારે, જેમ ફિલ્મની પટ્ટીઓ પસાર થાય તેમ આંખ સમક્ષ એક પછી એક ફિલ્મના રીલ આવવા માંડયા.

ઈલાબહેન સાથે હું સૌ પ્રથમ વખત સને ૧૯૬૯ના વર્ષમાં સંપર્કમાં આવ્યો. પોરબંદરમાં ''ગુજરાત ઈન્ટુક''નું અધિવેશન હતું ત્યારે નારી પાંખના વડા તરીક તેઓએ હાજરી આપી હતી. પોરબંદથી અમે જૂનાગઢ જતાં હતા ત્યારે વંથલી પાસેથી પસાર થયા તે વખતે ઈલાબહેનને જણાવ્યું કે, ''કાગના ઘોડા વંથલીમાં ભમતા હતા. તેઓએ ગુજરાતનો નાથ લેખક સ્વ. કનૈયાલાલ મુન્સીને યાદ કર્યા ત્યારે મને ખાતરી થઇ ગઇ કે તેમને ગુજરાત સાહિત્યમાં પણ એટલો જ રસ છે, જેટલો અંગ્રેજી સાહિત્યમાં છે. ત્યારપછી મેં એમને જણાવ્યું કે ઈલાબહેન ''ઓપિનિયન'' નામનું સાપ્તાહિક વાંચવા જેવું છે. તેઓએ સામો પ્રશ્ન પૂછયો કે, તમે પણ ''ઓપિનિયન'' વાંચો છો ? મેં કહ્યું કે, હા વાચું છું તો તેઓ ખૂબ ખુશ થયા.

આ પહેલાં સંપર્ક પછી ઈલાબહેન જોડે વારંવાર ટેલિફોન ઉપર વાત થતી. જ્યારે મારા પિતા વાડીલાલ હોસ્પિટલમાં ખૂબ જ ગંભીર પરિસ્થિતિમાં હતા ત્યારે મોટી બહેનની જેમ મને આશ્વાસન આપતાં હતા અને ખૂબ જ ધીરજ રાખવાની સલાહ આપી હતી. આમ, અમારે સંબંધ ગાઢ થતો ગયો. સને ૧૯૭૩માં હું 'મજૂર મહાજન' સંઘમાં જોડાયો ત્યારે ઈલાબહેને મને અને મારા સાથી પંકજભાઇ પટેલને ''સેવા''ને બને તેટલી મદદ કરવા અને રસ લેવાની સલાહ આપી. ''સેવા''નો ઉદય જ્યારે થયો ત્યારે મને જરા આશ્ચર્ય થયું કારણ કે, માલિક અને કામદારનો સંબંધ ન હોય તો મજૂર સંઘ ક્યાથી રચી શકાય ? પરંતુ, તેઓએ એક ક્રાંતિકારી વિચાર આગળ ધર્યો કે જેનો સમાજ માલિક છે તે લોકોના કલ્યાણ માટે આપણે જરૂર કંઇક કરવું જોઇએ. આ ક્રાતિકારી વિચારે મારી આંખ ઉઘાડી. ઈલાબહેને સ્વાશ્રયી મહિલાઓ કે જેઓ શાકભાજી વેચે છે, ફૂટપાથ ઉપર કપડાં વેચે છે તેઓના કલ્યાણ માટેની ઝુંબેશ આચરી. આ ઝુંબેશને કારણે, આવી સ્વાશ્રયી મહિલાઓના ધંધામાં ખૂબ જ વિકાસ થયો. રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી આવી સ્વાશ્રયી મહિલાઓને લોન અપાવી તેમને ખૂબ જ આર્થિક રાહત અપાવી. પરંતુ, બેંકોના નકારાત્મક વલણને લઇને જૂના કપડાં વેચનાર તેમના સાથી ચંદાબહેન સાથે રહીને ''સેવા'' બેંકની સ્થાપના કરી, જે ''સેવા'' બેંક આજે ભારતભરમાં પ્રખ્યાત થઇ ગઇ છે. આમ, કાશ્મીરથી કન્યાકુમારી સુધી તમામ સ્વાશ્રયી મહિલાઓના તેઓ માતા બન્યા. તેઓને 'રોમન મેગ્સાસે' એવોર્ડ મળ્યા બાદ અનેક આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળ્યા. સને ૧૯૮૫માં તેઓને ''પદ્મ ભૂષણ''નો ઈકબાલ મળ્યો. પરંતુ, મારી દૃષ્ટિએ તમામ સ્વાશ્રયી મહિલાઓના હૃદયમાં તેઓ ''માતા'' તરીકે જે સ્થાન પામ્યા તે તેમની શ્રેષ્ઠ સિદ્ધિ છે.

ચિત્રકૂટમાં જનક રાજાજયારે સીતાજીને મળે છે ત્યારે કહે છે,

"पुत्री पवित्र किए कुल दोऊ"

**"દીકરી બંને કુળને પવિત્ર કરે છે."**

ઈલાબહેનને ચાર કુળમાં પવિત્રતાનું વાતાવરણ સ્થાપ્યું. 'મજૂર મહાજન' સંઘમાં જોડાયા પછી મજૂર મહાજન સંઘમાં પણ પોતાની પ્રતિભા ઊભી કરી. સને ૧૯૮૦માં જ્યારે મજૂર મહાજન સંઘમાંથી છૂટા થયા ત્યારપછી 'સેવા'એ પણ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે હરણફાળ ભરી. સ્વ.અનસૂયાબહેન સારાભાઇની જન્મ શતાબ્દી ઉજવવાનો તેમને જ્યારે વિચાર આવ્યો અને એ વિચાર જ્યારે અમલમાં મુક્યો એની ભવ્યતા આજે પણ મને યાદ છે. સને ૧૯૮૬માં જ્યારે મેં મજૂર મહાજન સંઘ છોડયું ત્યાર પછી, 'સેવા'નો હું વકિલ બન્યો. દિલ્હીમાં અને ગુજરાતમાં અનેક વકીલોને ઈલાબહેન ઓળખતા હોવા છતાં તેઓએ મારી કાયદાકીય સલાહમાં વિશ્વાસ મૂકી મારી તમામ કાયદાકીય સલાહોનો અમલ કર્યો. જેનું હું ગૌરવ અનુભવું છું. નવરાત્રીની શરૂઆત થવાની હતી તેના આગલા દિવસે રીમાબેન નાણાવટીનો મારી ઉપર ફોન આવ્યો કે, ''ઈલાબહેન યાદ કરે છે અને તમને કેટલાક સવાલો પૂછવા છે.'' હું તરત જ ત્યાં પહોંચી ગયો અને લગભગ મારી સાથે એક કલાક વાત કરી અને મેં જે સૌરાષ્ટ્રના મજૂર મંડળોની રચનામાં તેમના ફાળા વિષે જવાબો આપ્યા તે તેમના પૌત્ર સોમે લખી લીધા. ત્યારપછી, બે-ત્રણ દિવસ પછી મેં સાંભળ્યું કે, ઈલાબહેન હોસ્પિટલમાં દાખલ થયા છે. મારી મુલાકતનો આ છેલ્લો દિસવ જે મને આખી જિંદગી યાદ રહેશે.

છેલ્લે જણાવવાનું કે ઈલાબહેન એક સફળ સંચાલક હતા. સફળ સંચાલક એ છે કે, જે પેઢીઓ તૈયાર કરે. આજે ''સેવા'' બાગદોર ઈલાબહેને તાલીમ આપેલી હરોળના હાથમાં આપી છે અને ઈલાબહેને જે સિદ્ધાંતો પ્રસ્થાપિત કર્યા છે તેને સંપૂર્ણપણે અનુસરે છે અને આમ, ''સેવા''ને એક કાયમી સંસ્થાનું સ્થાન મળ્યું છે. જે ઈલાબહેનની પરમ સિદ્ધિ છે. ઈલાબહેનને મારા ખૂબ ખૂબ વંદન અને પ્રણામ.

**- ધીમંત વસાવડા, એડવોકેટ**

## ઈલાબહેન સાથેના સેવા ફેડરેશનના મારા સંસ્મરણો

ઈલાબહેન સાથે રહીને 'સેવા' ફેડરેશનનું પાયાનું કામ, ફેડરેશન બનાવવાનું કામ તેમજ રજીસ્ટ્રેશન નોંધણી કરાવવાનું કામ કર્યુ. તેની કામગીરીને યાદ કરતાં હું 'સેવા'માં એમ. કોમ. ભણીને ૧૯૮૭માં ઈકોનોમિક વીંગમાં અરવિંદાબહેન સાથે ચિંદી પેચવર્ક મંડળીમાં એકાઉટન્ટ તરીકે જોડાઇ. તેમાં મેં ફાઈનલ સરવૈયું ૪૦ હજારના નફાવાળું ઓડિટરની મદદ વગર કાઢયું અને તે હિસાબો જ્યારે ઓડિટ થયું ત્યારે ઓડિટરે પણ ઓકે કર્યુ તેમજ અરવિંદાબહેન ભટ્ટ 'સેવા'માંથી ત્રણ મહિના માટે ઈઝરાઈલ કામથી ગયા. ત્યારે મેં તેમની મેનેજર તરીકેની કામગીરી જેવી કે, દરિયાપુરની ચિંદી મિલોમાંથી ખરીદી બહેનો પાસે ખોળો સિવડાવવી, તેની મજૂરી ચુકવવી, ત્યાં દરિયાપુર દુકાનનો સ્ટોક તેનું રિપેરીંગ વિગેરે કામગીરીને લીધે મને ઈકોનોમિક વીંગની બધી મંડળીના અકાઉન્ટસ્ટોક સંચાલકની કામગીરી મને સોંપી. 'સેવા'માં આજના ''હિલેરી ચોક''ના કોર્નર ઉપર 'સેવા કલાકૃતિની દુકાન હતી. દુકાનની પાછળ હેન્ડી ક્રાફ્ટના માલનો સ્ટોર હતો. બેને કહ્યું કરો અને મેં કર્યુ.

એક દિવસ દિલ્હી-મુંબઈના પ્રદર્શનમાં જઈને આવ્યા બાદ હું માલના સ્ટોકના ઢગલામાં બેસીને સ્ટોક લેવાનું, નોંધવાનું કામ કરતી હતી ત્યારે, ઈલાબહેન રોજ 'સેવા'માં આવતાં. સુદામભાઈની રીક્ષામાંથી તેઓ ઉતરતાં મને આ કામ કરતાં રોજ જોતાં. ૧૯૯૧ની વાત છે, એક દિવસ મને બેને તેમની કેબિનમાં બોલાવીને કીધું કે, ''આપણી 'સેવા'માં જુદી જુદી મંડળીઓ છે. તેનો 'સંઘ' એટલે 'ફેડરેશન' બનાવવાનું છે, તેની તમે કામગીરી કરશો?'' મેં તરત જ હા પાડી. ત્યારે મને મનમાં એમ થયું કે, 'સેવા'ના પ્રધાનમંત્રીએ મને કેબિનમાં બોલાવી કામગીરી સોંપી! ઘણું આશ્ચર્ય લાગ્યું હતું. આમ, બેનના માર્ગદર્શન હેઠળ કામ કરતી ગઈ. હું, ઈલાબહેન અને મુલાણી સાહેબ ગાંધીનગર જઈને સેવા ફેડરેશનનું રજીસ્ટ્રેશન કરાવ્યું તેમાં મને બેનનું સતત માર્ગદર્શન મળતું રહ્યું. બેન મને નાનામાં નાનું કામ હોય કે, કોઈ મુશ્કેલી હોય તો તરત જ રસ્તો બતાવતા. જ્યારે કોઈ કામ માટે કહું ત્યારે બેન મારી સાથે બહાર ઓફિસમાં આવતાં. તેમના આવા ઉમદા-નિખાલસ સ્વભાવ, નાની વ્યક્તિના કામની ગણના કરતાં. તેમની પાસેથી ઘણું શીખવા મળ્યું છે અને મને આગળ વધવાની તક મળી છે.

સેવા ફેડરેશનનું રજીસ્ટ્રેશન ૧૯૯૨માં કરાવ્યું સાથે-સાથે જુદી જુદી મંડળીઓ જેવી કે, દૂધ મંડળી, હસ્તકલા, સર્વિસ, મીઠા મંડળી વિગેરે મંડળીઓના પ્રતિનિધિ બોલાવી ઠાકોરભાઇ દેસાઇ હોલ, લૉ ગાર્ડન ત્યારના સહકાર મંત્રી ઠાકોરભાઇ નાયકને બોલાવી એક હજાર બહેનોનું સંમેલન કર્યુ હતું. ત્યારબાદ ફેડરેશનનું બંધારણ બનાવડાવી તેનું સતત ગાંધીનગર જઇ નોંધણીની કામગીરી કરી. સેવા ફેડરેશનની ઓફિસ ગોયલ ટાવર છે તે લેવાની કામગીરી કરી. ત્યારબાદ ત્યાં બહેનોને તાલીમ આપવાનું કામ ચાલું કર્યુ અને ખરીદનાર-વેચનાર મંડળીઓનો મેળો પણ ગોયલ ટાવરમાં કર્યો. આમ મને 'સેવા'માં ઈલાબહેન સાથે કામ કરવાનો મોકો મળ્યો તેમાં મને ઘણું શીખવા મળ્યું અને આગળ વધાવાનો મોકો મળ્યો.

સેવા ફેડરેશને ૩૦ વર્ષની ઉજવણી તા. ૮ જુલાઇના રોજ થઇ તેમાં મારું ઈલાબહેનના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ બેન સાથેનો મારી જિંદગીનો યાદગાર પ્રસંગ કાયમ માટે મને યાદ રહેંશે અને યાદ આવશે.

બસ આ જ ઈલાબહેનને હું યાદ કરું છું.

- જયશ્રી કેડિયા

❑

## મારી જેવી શ્રમજીવી બહેનોના રોમ રોમમાં વસે છે, એમને શીદને ભૂલાય ?

આજે હું આ મહાન હસ્તીની વાત કરું તો, મારી આંખ ભરાઈ આવે છે અને દિલ એમની સાથે વિતાવેલી એક એક પલની યાદ અપાવે છે. જે, આજે અમારા વચ્ચે નથી પણ, મારી જેવી શ્રમજીવી બહેનોના રોમ રોમમાં વસે છે એમને શીદને ભૂલાય ?

એક મા જેણે મને જન્મ આપ્યો અને એક આ મા જેણે મારી દુનિયા અને મારો સંસાર સવાર્યો. આ મહાન હસ્તી ''ઈલા મા'' જેમનું સ્થાન મારી નજરમાં સૌથી ઉંચુ છે.

હું વાત કરું તો, જયારે હું સેવામાં આવી ત્યારે, પહેલું ઈન્ટરવ્યું ઇલાબહેને લીધું અને મને કીધું કે,''તમારે વિસ્તારોમાં ફરવું પડશે. તમારા જેવા બહેનોનું સંગઠન કરવું પડશે.'' મેં બેનને કીધું કે; વિસ્તારમાં જઈને શું કરવું ? કેવી રીતે બહેનો સાથે વાત કરવી ? એ બધું નથી આવડતું. ત્યારે ખબર છે,બેને મને શું કીધું? કહે; ''તમે આજે તમારા ઘરેથી અહિયાં સેવા સુધી આવ્યા અને મારી સાથે વાત કરતાં થયા ને બસ આવીજ રીતે

તમારે કામ કરવું પડશે. પણ હા, આ સેવા છે, નોકરી નથી!'' હું વિચારમાં પડી ગઈ. આ બેન તો કહે છે સેવા છે, નોકરી નથી ! હું તો અહિયાં નોકરી માટે આવી છું તો, સેવા કેવી રીતે કરીશ ? હું વિચાર કરતી હતી કે, બેને તરત પૂછી લીધું; ''શું વિચાર કરો છો?'' મેં બેનને કીધું; હું તો અહિયાં નોકરી માટે આવી છું સેવા કરવા નથી આવી. તો બેન હસ્યા અને કીધું કે; ''સેવા એ જ તમારી નોકરી અને તમારું કામ.'' અને મેં હા પાડી દીધી કે હું સેવા કરીશ. અને કરી.

બેન રોજ સવારે સેવામાં આવે અને પ્રાર્થના પછી બધાને પૂછે; ''તમારા ઘરમાં બધાં સુખ શાંતિમાં છે ને ?કામ તો આપણું આખી જિંદગી ચાલશે પણ, આપણો ઘરપરિવાર પણ સાથે ચાલવું જોઈએ.''

હું સેવામાં જોડાઈ, બે મહિના પછી અમારે ઈદનો તહેવાર આવ્યો. એ વખતે હું એક છાપરામાં રહેતી'તી. બેન ઇદના દિવસે જ સવારે ૧૧ વાગ્યે મારા છાપરામાં આવ્યા અને મને 'ઈદ મુબારક' કીધું. મારી ખુશીની કોઈ ઈમ્તિહા ના રહી ! આટલી મોટી હસ્તી મારા ગરીબ ના છાપરામાં ! એ વખતે મારા ઘરમાં ખુરશી કે કશું જ ના મળે. બેન નીચે ચાદર ઉપર બેસી ગયાં. ત્યારે મને લાગ્યું કે, આ બહેનને અમીરી-ગરીબી સાથે કશું લેવું-દેવું નથી એ તો માનવતામાં માને છે. મેં આ બેનને લાખો સલામ કીધા કે, બેન, તમારા પગલા મારા ઘરમાં પાડ્યા હું નિહાલ થઈ ગઈ, મારી ખુશી દુગની થઇ ગઈ. ઈદની ખુશી સાથે મારી 'મા' જેવા બેન મારી ઘરે પધાર્યા. સુબહાન અલ્લાહ. કોઈ દિવસ હું ઘરની બહાર નીકળી નથી. આવા બધા મહાન હસ્તીને જોયા નથી એટલે મને બહુ જ ખુશી થઈ.

સેવામાં આવીએ પછી જયારે અમે બપોરે જમવા માટે બેસતાં હતા તો બેન પણ એમનું ટીફીન ખોલીને અમારી સાથે જમતાં અને બધાંના ટીફીનમાંથી થોડું થોડું લે અને ટેસ્ટ કરે. મને નવાઈ લાગતી કે, આટલા મોટા બેન અમારી સાથે જમે છે !

આજે હું જે છું એ બેનની તાલીમથી. અમે ૧૧ બહેનો હતાં અને અમને બેને એક મહિનો એમના ઘરે 'આશિષ'માં રાખ્યાં, સંગઠન કેવી રીતે બનાવવાનું ? મિટીંગો કેવી રીતે કરવાની ? બધાં સાથે વાત કેવી રીતે કરવાની ? આ બધી તાલીમ આપી તૈયાર કર્યા. આજે મેં સેવામાં ૩૮ વર્ષ પૂરાં કર્યા, એ જ તાલીમ મારા કામમાં આવી. મારી નીડરતા, આગેવાનોને તાલીમ આપવાની ઢબ અને તેમને સંગઠનની સમજ આપવી એ જ મારી જિંદગીનો મકસદ બની ગયો. આજે પણ મને એમ જ લાગે છે કે, હું 'સેવા'માં છું અને ઇલાબેન મારા અંદર છે.

હા, જયારે રીટાયર થવાની હતી એ જ દિવસે હું અને મારા સાથી જે બીડી કામદારોના સંગઠક છે સુભદ્રાબેન બેનને મળવા ગયાં. બેને મને ગલે લગાવીને આશીર્વાદ આપ્યા કે, ''તમે રીટાયર થાવ છો એ એક પ્રોસીઝર છે પણ, સેવા તમારી છે અને તમારે સેવામાં જ રહેવાનું છે, જૈતૂન. તમારે તો મને ઘરખાતા સિલાઇ કામદારના સંગઠન વિષે લખીને આપવાનું છે. કેમ કે, તમારું લખાણ મને બહુ ગમે છે. તમે ઉદાસ ના થાવ સેવા તમારી છે.'' આ શબ્દો બેનના હતા.

બેન કોઈ દિવસ કોઈને ઠપકો આપ્યો નથી જો કોઈ ભૂલ થઇ હોય તો એમને પોતાની પાસે બોલાવીને સમજાવે અને કહે, ''રડવાનું નહિ. ભૂલ સુધારવા આવ્યા છીએ.'' આવાં હતા મારી મા ઇલાબેન.

આ'બેન'ને જન્નતમાં પણ એમનું ચમન અને એમના બગીચા જે એમની શ્રમજીવી બહેનો છે એ ચમન ત્યાં પણ મહેકતો રહેશે જ.

હું વધારે લખી શકતી નથી કેમ કે, મારી આંખમાં મોતિયો આવેલો છે અને આંખમાં તકલીફ થાય છે. મારી આંખમાંથી આંસુ રોકાતા નથી. આટલું લખતાં લખતાં મારી આંખના આસું સુકાતા નથી. શું કરું ? લખવાનું તો બહુજ છે જો લખવા બેસું તો આખું બાઈબલ-ગીતા-કુરાન લખાઇ જાય પણ, હું મજબૂર છું મને માફ કરજો.

અલ્લાહ 'બેન' કો જન્નત નસીબ કરે આમીન... આમીન.

**- જૈતૂન પઠાણ**

❑

# મારો અનુભવ એ જ ઈલાબેનને શ્રદ્ધાંજલિ

**પૂર્ણિમા ભગત, છોટાઉદેપુર**

૧૯૯૨-૯૩માં સુખી ડેમ બનાવવામાં આવ્યો. તેમાં ૪૨ ગામોને વિસ્થાપિત કરવામાં આવ્યા.તેમાંથી જે જગ્યા પર પાણી વધારે હતું તે જગ્યા પર ના ૬ ગામોને વિસ્થાપિત કરીને સંખડા તાલુકામાં વસાવવામાં આવ્યા.

રમેશભાઈ ભટ્ટ અને ઈલાબેન આ બેનોને પૂર્ણરોજગાર અને સ્વાવલંબી બનાવવા માટેનો કાર્યક્રમ લઈ આવ્યા. વર્ષ ૧૯૯૨માં ગુજરાત સરકારના સિંચાઇ વિભાગ દ્વારા વડોદરા જિલ્લામાં 'સેવા'ની શરૂઆત કરવામાં આવી.સુખી નદી પર બાંધવામાં આવેલ ડેમના કારણે ડૂબમાં ગયેલા ગામોના આદિવાસી

કુટુંબોના આર્થિક અને સામાજિક વિકાસ માટે કામની શરૂઆત થઇ હતી.

આદિવાસી બેનોનો મુખ્ય ધંધો ખેતી અને પશુપાલન છે. જંગલ વિસ્તારમાં રહેતાં હોવાથી મોટે ભાગે અભણ બેનો. ખેતર અને ઘર, આમ બે જ કામની ખબર હતી અને સૌ વિસ્થાપિત થયા.

જયારે ઈલાબેને સેવા સંગઠનની શરૂઆત કરી ત્યારે, કવિતાબેને ગામમાંથી પહેલી વાર બહાર નીકળવાની શરૂઆત કરી. જયારે સરકારે આ સભ્યોને ખાતા દીઠ ૩૦૦૦/-રૂ. અને જમીન આપી. પણ જમીન કેવી ? તો કે, બંજર અને જંગલના ઝાડ કાપેલા હતા, તેના ઠૂંઠા ઊંડે સુધીના મૂળ વાળી જમીન આપી. જેને સાફ-સૂફી કરતાં જ પાંચ વર્ષ લાગ્યા. કૂવા બનાવ્યા તો ટેન્કર દ્વારા પાણી રાતો રાત નાખી ને બતાવ્યું. પણ, કૂવામાં પાણી આવ્યું ન હતું. આમ રોજગારલક્ષી, સામાજિક અને આર્થિક પ્રવૃતિમાં બેનોને ઘણું બધુ સહન કરવું પડતું હતું. બહેનો ગરીબ જ રહેતી.

ઈલાબેન આ છ ગામોના બેનો માટે ભગવાન સમાન રહ્યા. તેમણે આ સભ્ય બેનોનો વિકાસ કરવામાં કોઈ જાતની કચાશ રાખી નહિ. બહેનોએ પોતે જ પોતાનો વિકાસ કર્યો. આદિવાસી બેનો કોઈ દિવસ ઘરની બહાર નિકળતા નહતાં. અમને તાલીમો મળી, રોજગારી મળી,બોલતાં શિખ્યા, સરકાર સાથે સંકલન કરતાં, ખેતી અને પશુપાલન કરીને પોતાની રોજગારી વધારીને પોતાના બાળકોને ભણાવીને નોકરી ધંધામાં લગાડ્યા.

આજે આ સેવાના સભ્ય બેનોએ પોતાની 'સુખી' મંડળી બનાવીને છે અને ૩૩૦ ગામોમાં કામ કરે છે અને આદિવાસી બેનોને ખૂબ આગળ લઈ ગયા. હાલમાં, બેનો પોતાની જાતે બચત ભરવા, કોઈ પણ મિટીગમાં કે રાજયમાં જવું હોય તો પોતાની જાતે બહાર નીકળી શકે છે. જો, બેને સંગઠનની શરૂઆત ન કરી હોત તો અમારા આદિવાસી બેનોનું શું થાત ? અમને અમારી શક્તિ ન સમજાઇ હોત.

સંગઠને અમારો વિકાસ કર્યો અને નવી પેઢી માટે રોજગારીની નવી-નવી તકો મળી, નવી ટેકનોલૉજી સાથે આદિવાસી બેનો કામ કરતાં થયા અને સાથે સાથે આવક પણ મેળવતાં થયા. ઈલાબેનને દિલથી અને દિમાગથી રોજ યાદ કરીએ છીએ અને એ એમની માફક અમે બીજી બહેનોના 'બેન' બને તેવી પ્રાર્થના પ્રભુને.

❑

## 'સેવા' સમાજમાં ચારે તરફ વીખરાયેલી કર્મઠ બહેનોને એક તાતણે બાંધતી સંસ્થા...

કદાચ ૧૯૮૦-૮૧ના વર્ષમાં બપોરનો સમય એક પ્રતિભાશાળી મહિલાની આગેવાનીમાં ઘણા બધા મારી જ સંસ્થા માટે કામ કરતી બહેનોની માંગણીઓ માટે સૂત્રોચાર કરતાં સરઘસની આગેવાની લઇ આવેલા બહેનોને પ્રથમ નજરે જોઇ નવાઇ લાગી...

પ્રથમવાર ત્યારે જ ખબર પડી ''સેવા'' નામનાં સંગઠનમાંથી આવેલા આ લોકો સમગ્ર બહેનોની માંગણીઓ માટે આગેવાની લઇને રજૂઆર કરી રહ્યાં હતાં.

લાગ્યું કે, કોઇ યુનિયનના પ્રતિનિધિ હશે. અનેક યુનિયનના જુદા જુદા નેતાઓ સાથે અદાલતના પ્રસંગો, વિરોધ, વાટાઘાટો અને અનુભવો થયેલાં માટે એવો જ મત વિચારેલો કે, આવા યુનિયન આવે અને ધમાલ કરે જાય...

સમય વિતતો ગયો અનેક વાર બહેનો અને સર્વે કાર્યકરો સાથે મિટીગો થઈ, વાટાઘાટો થઇ ઘણીવાર ગુસ્સા સાથે માથાકૂટો પણ થઇ કોર્ટ-કચેરીઓમાં કેસ થયા મારી સંસ્થા સામે અનેક કેસ થયા. પરંતુ સેવા કદી વિવેક ના ચૂકે મારું માન રાખે.

આમ છતાંય ધીરે ધીરે સમજણ પડવા લાગી કે, આ યુનિયન છે પણ, નિઃસ્વાર્થભાવે શ્રમજીવી બહેનોને સંગઠિત કરતું સંગઠન છે. તેઓ પાસે વિરુદ્ધ નથી. તેના પાયામાં એક કર્મઠ મહિલા ઈલાબહેન ભટ્ટનાં વિચારો, સિદ્ધાંતો અને શિખામણો મળે છે અને તેને અમલમાં મૂકનાર રેનાનાબહેન, નાણાવટીબહેન, જ્યોતિબહેન, મીનાબહેન અને મનાલીબહેન જેવા કાર્યકરોની એક વિવેકી સેના છે.

કદાચ ઘણાં વર્ષ સુધી સતત ઘર્ષણો, માંગણીઓ, આક્ષેપો એકબીજા પર રહ્યાં પણ ક્યાંય જરાપણ વ્યક્તિગત અણગમો કે સ્વાર્થ નહી ! અમને પણ લાગવા લાગ્યું કે, અમે સૌ ગરીબી વિરોધી છીએ.

નબળા પાયા ઉપર જેમ મજબૂત અને ભવ્ય ઈમારત ઊભી રહી ના શકે તેમ એકતરફ જયારે આવા કાર્યકરો તૈયાર કરવા જકેટલી ચોકસાઇ, શાણપણ, મક્કમતા અને ગહન વિચારો રહ્યાં હશે. સામે આવી સંસ્થા માત્ર નિસ્વાર્થ પણે મજુરોના પ્રશ્નોની ચિંતા કરતી હોય તો કોઇપણ વ્યાપારી સંસ્થા પીગળ્યા વગર રહીજ ન શકે. અગત્યની વાત આખાય મારા કાર્યના સમયમાં સમજણ પડી કે, માનનીય ઈલાબહેનની સ્પષ્ટ ભાવના

**'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2021-23 Issued by S.S.P. Valid up to 31-12-2023.**

**Ahmedabad P.S.O.
6, 22-12-22**

એવી કે, માંગણીઓ માટે કોઈપણ રીતે ઝૂક્યા વગર કરતાં રહેવી, લડતા રહેવું પણ મજૂરોની આવકના ભોગે નહી અને માલિકના આત્મસન્માનના ભોગે નહી. કદીય હડતાલ પાડવા વિચારવાનું જ નહી અને પોતાની માંગણી વાત મક્કમતા પૂર્વક લડતા અને માંગતા રહેવી પણ મજૂરોની રોજગારી ને બંધ કરવી જ નહી. સાથે રહીને સૌએ બદલાવું.

આવા પ્રયત્નોને લીધે અમારી સંસ્થા સમય મુજબ મજુરી પણ વધારતી જ ગઈ કહો કે વધારવા 'સેવા'એ મજબૂર પણ કરી. આખરે સમાધાન પણ થયા અને મજૂરોને તેમની રોજગારી ચાલુપણ રહી અને વેતન વધારો અને કાયદાકીય મુજબની રકમ પણ મળતી રહી.

સેવાની આવી મહિલા ઉત્કર્ષની પ્રવૃતિથી પ્રેરાઇ હું પણ હાલમાં ઘી સૌરાષ્ટ્ર કો.ઓ.બેંક લી. અમદાવાદ મારફતે સમાજમાં નબળા અને મધ્યમવર્ગની તમામ જ્ઞાતિ, જાતિ, ઘર્મની ૧૦૦૦૦ જેટલી બહેનોને રોજગારી માટે બીન જામીન ધિરાણો આપી શક્યો. બહેનોએ એક પણ ધિરાણ NPA કરેલ નથી બહેનોમાં મુકેલો વિશ્વાસ અકલ્પનિય છે. જાણે, ભાઈની સાથે બહેન પણ બન્યા, માલિક સાથે મજૂર બન્યા, પીડ પરાઈ જાણે રે.

માનનીય ઈલાબહેનના નૈતૃત્વમાં બહેનોના જુદા જુદા માધ્યમોમાં કામ કરતી સમગ્ર દેશની લાખો બહેનોને નવી દિશા અને સ્વમાનતા મેળવવા તેમના દ્વારા અનેક સંસ્થાઓ ઊભી થઈ છે કદાચ માપણી ના કરી શકાય તેવી વાત છે. તેમના જીવનભરની તેમની માર્ગદર્શિકા એક દંતકથા રૂપ છે. તેમ માનું છું.

ઈલાબહેને જ્યારે અસંગઠિત રીતે સમાજમાં ચારેય તરક રોજગારી કામ કરતી નબળા વર્ગની લાખો બહેનોને કોઈ દિશા કે નૈતૃત્વ ન હતું અને જે સમયમાં પુરુષનું જ કામ મુખ્ય મનાતું હોય તેવા કપરા કાળમાં આ સંગઠને માત્ર બહેનો માટે શરૂ કર્યુ હતું. વિચારવું પણ અઘરું છે. સંગઠનને શરૂ કર્યુ અને વેગવંત કરી સમગ્ર દેશ અને જગતમાં ટોચ ઉપર લઈ જવા જે અદભૂત સિદ્ધિ પ્રાપ્ત કરી તે લાખો બહેનો માટે આર્શિવાદરૂપ છે અને બધા જ કાર્યકરો 'સેવા'ને વધુ ને વધુ મજબૂત બનાવી આગળ ધપાવે તે જ તેમને આપેલી શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ ગણાય...

અત્યંત સન્માનનીય ઈલાબહેનને સત્ સત્ નમન.

**- કનુભાઈ જે પટેલ,**
**પટેલ જીવરાજભાઈ બીડી વર્કસ, અમદાવાદ**

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6, 22-12-2022**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001